જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૪/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૮૮૧/૧૭

(ઘરફોડ ચોરી )
વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

નાયબ પોલીસ કમીશનરશ્રી, ઝોન -૧, અમદાવાદ શહેર તથા મ.પો.કમી.શ્રી 'એ' ડીવીઝન નાઓની સુચના તથા પો.ઇન્સ.શ્રી, વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન માં બનતા મિલકત સબંધી ઘરફોડ ચોરી તથા ચેઇન સ્નેચીંગ ના બનાવો બનતા અટકાવવા સારૂ પો.સબ.ઇન્સ એમ. એ. વાઘેલા તથા સ્ટાફના માણસો વહેલી સવારે પેટ્રોલીંગમા હતા દરમ્યાન, પો.કો જીગરકુમાર કીષ્ણકુમાર બં નં ૭૩૪૫ તથા ઘાટલોડીયા પો.સ્ટે. ના પો.કો. ભાવિકસિંહ ડાભી નાઓને મળેલ સંયુકત બાતમી આધારે અગાઉ ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ ઇસમ જીતેન્દ્ર ઉર્ફે જીતુ મોતીભાઇ મીણા નામનો ઇસમ કેટલોક ચોરીનો સામાન લઇને સુભાષ ચોક તરફથી આવી ને સુરધારા સર્કલ થઇ એસ.જી.હાઇવે તરફ સામાન વેચવા જનાર હોવાની બાતમી હકીકત આધારે સદરીને પકડી પાડી તેનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ જીવાભાઇ ઉર્ફે જીતેંદ્ર મોતીભાઇ મીણા ઉવ ૨૦ રહે જીવનદીપ સોસાયટી ની બાજુમા ફુટપાથ પર ઓડા ગાર્ડન ની બાજુમા વસ્ત્રાપુર મુળ વતન ગામ- ખજુરીયા તા.આસપુર જી-ડુગરપુર રાજસ્થાન નાનુ હોવાનુ જણાવેલ જેની અંગઝડતી તપાસ કરતા તેના કબ્જામાં રહેલ એક તુટેલુ ડાહુવા ટેકનોલોજી કંપનીનુ ડીવીઆર તથા સીગેટ કંપનીની હાર્ડ ડીસ્ક ૫૦૦ .જી.બી ની જેની કીં રૂ ૫૦૦૦/- - ગણાય તથા એક કાળા કલર એન કોમ્પ્યુટીંગ કંપનીની નેટવર્ક વર્ચ્યુઅલ ડેસ્કટોપ મળી આવેલ જેની કીં રૂ ૪૦૦૦/-ગણાય જેની કુલ્લે કીમત આશરે રૂ ૯૦૦૦/ ગણી . C.R.P.C. કલમ ૧૦૨ મુજબ પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરી ઉપરોકત ઇસમ જીવાભાઇ ઉર્ફે જીતેંદ્ર મોતીભાઇ મીણા ને C.R.P.C. કલમ ૪૧(૧)ડી મુજબ તા. ૨૭/૦૪/૨૦૧૭ ના કલાક ૮/૩૦ વાગે અટક કરી નીચે મુજબના ગુનાઓના ભેદ ઉકેલવામાં આવેલ છે.

(૧) ઘાટલોડીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૨/૧૭ ધી ઇપીકો ક. ૪૫૪, ૪૫૭, ૩૮૦,૧૧૪
(૨) સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૯૧/૧૭ ધી ઇપીકો ક. ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ તથા
(૩) કોલંબીયા એશીયા હોસ્પીટલ પાસે આવેલ ઓઝોન ડીઝાયર કોમ્પલેક્ષ ખાતે આવેલ ચોઇસ રેસ્ટોરન્ટમાં પાછળની બારી તોડી, તેમાં પ્રવેશ કરી, કાઉન્ટરમાંથી ૨૦૦૦ રૂ. તથા એક માઇક્રોમેક્સ કંપનીનો મોબાઇલ ફોન ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## જુગારનો ગણનાપાત્ર કેશ

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓ તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના પો.સ.ઇ કે.એમ.ચૌધરી તથા પો.કો શક્તિસિંહ લાલુભા બ.ન. ૩૧૨૯ તથા પો.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન ૬૨૧૯ તથા પો.કો હીતેંદ્રસિંહ દેવેન્દ્રસિંહ બ.ન ૨૯૪૨ તથા પો.કો દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન. ૬૧૫૬ તથા લોર. કપિલ કાંતિભાઇ બનં-૨૦૧૮ તથા પો.કો સુરેંદ્રસિંહ મહેંદ્રસિંહ બ.ન. ૯૫૫૮ તથા પો.કો કિરણકુમાર ચંદુલાલ બ.ન. ૫૭૭૦ તથા બીજા પોલીસ સ્ટાફના માણસોની સાથે સરદારનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરામ્યાન ફરતા ફરતા વેદ બંગ્લોઝ પાસે આવતા પો.કો હીતેંદ્રસિંહ દેવેંદ્રસિંહ નાઓને બાતમી હકિકત મળેલ કે વેદ બંગ્લોઝ મ.ન ૯ મા ત્રણ ચાર ઇસમો આઇ.પી.એલ ૨૦-૨૦ ક્રિકેટ પુણે તથા કલકતા વિરૂધ્ધમા ચાલતી મેચ ઉપર ઓવર સેસન વાઇઝ ક્રિકેટ સટ્ટો રમી રમાડે છે જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે રેડ કરતા સદરીના મકાનના ઉપરના રૂમમા (૧) મહાવીરસિંહ ઇશુભા ઝાલા ઉવ.૨૮ રહે, મ.ન. ૮ ઇંદ્રધારા સોસાયટી સાનિધ્ય પાર્કની અંદર નિકોલ નરોડા રોડ નીકોલ અમદાવાદ શહેર +૪ =૫ પકડાઇ જતા તેઓની પાસેથી મોબાઇલ નંગ ૨૧ તથા લેપટોપ નંગ ૨ તથા ટીવી નંગ -૧ તથા સટ્ટો લખવાનો ચોપડો પેન સાથે -૧ મળી મુદ્દામાલના કુલ્લે રૂપીયા ૨,૫૨,૦૦૦/- ના મતા સાથે પકડાઇ જતા કાયદેસરની જુગાર ધારા કલમ ૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે

## ગુજરાત યુનિવર્સીટી :

ગુજ.યુનિ.પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૭/૨૦૧૭ ધી ઇ.પી.કો. કલમ ૪૬૫, ૪૭૧, ૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી નં (૧) પુનમભાઇ નટવરલાલ દંતાણી રહે. પાવનધાન સંદેશ પ્રેસ રોડ વિનશ એપાર્ટમેંટ ની સામે બોડકદેવ અમદાવાદનાએ નેપાળી નાગરીકો પાસેથી કોઇપણ જાતના રહેઠાણ કે ઓળખના પુરાવા લીધા વગર ગેરકાયદેસર રીતે કાર્યવાહી કરી ખોટી હકિકત ભરી ખોટુ આધાર કાર્ડ કાઢી અપાવેલ હોય, જે ઉપરોક્ત ગુનાના કામે આરોપી નં (૧) પુનમભાઇ નટવરલાલ દંતાણી રહે. પાવનધાન સંદેશ પ્રેસ રોડ વિનશ એપાર્ટમેંટ ની સામે બોડકદેવ અમદાવાદ આરોપી નં (૨) પ્રકાશ તેજબહાદુર થાપા ઉવ.૩૯ ધંધો: હોટલમાં કુક રહે.કાનજી ઓખાની ચાલી, સુમયા ફ્લેટની પાસે, ગોપાલનગર વિભાગ ૭, મેમનગર, અમદાવાદ મુળ વતન: ભિરેન્દર નગર પાલીકા નં ૧૭, સુરખેત, નેપાળ. તથા આરોપી નં (૩) તિલક સહબીર બીકા ઉવ.૩૭ ધંધો: સિક્યુરીટી ગાર્ડ રહે. સિક્યુરીટીની ઓરડી, ૦ કળશ રેસીડેન્સી, ઈશીતા ટાવર રોડ, ગઢવી સોસા. પાસે, લાજપતનગરની સામે, નવરંગપુરા, અમદાવાદ શહેર. મુળ વતન: મેતરડા પંચાયટ, વોર્ડ નં ૦૩, થાના: મેહેલકુના જી.સુરખેત, નેપાળ.નાઓને આજરોજ તા.૨૬/૦૪/૨૦૧૭ ના કલાક ૧૯/૦૦ વાગે પકડી અટક કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :**

(પ્રોહિબીશન ગણનાપાત્ર કેશ)

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-1 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'ક' વિભાગ સાહેબશ્રી નાઓ તરફથી સુચના આપવામાં આવેલ કે પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ/જુગારની પ્રવૃતી અંગે ડ્રાઇવ રાખી પેટ્રોલીંગ કરી અસરકારક કામગીરી કરવી જે ઉપરી અધિકારીઓશ્રીની સુચના આધારે આજરોજ તા ૨૬/૦૪/૨૦૧૭ ના કલાક ૧૪/30 વાગે ઘાટલોડીયા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ભુયંગદેવ ચાર રસ્તા ખાતે આવતા ભુયંગદેવ હોક બાઇક રૂટ પેટ્રોલીંગમાં ફરજ બજાવતા પો.કો લાભુભાઇ ગાંડાભાઇ બ.નં ૯૯૨૧ તથા લોકરક્ષક મહેન્દ્રભાઇ રમેશભાઇ બ.નં ૨૬૮૧ નાઓએ અમોને સંયુક્ત બાતમી હકીકત આપેલ કે એક સફેદ કલરની મારૂતિ ઇક્કો કાર જેનો R.T.O  નં GJ-01-RK-2371 માં બે ઇસમો કેટલોક પરપ્રાંતનો ઇગ્લીશ દારૂનો જથ્થો રાખી સતાધાર ચાર રસ્તાથી ભુયંગદેવ ચાર રસ્તા થઇ એ.ઇ.સી ચાર રસ્તા નારણપુરા તરફ જનાર છે જે બાતમી હકિકત આધારે અમો તથા સાથેના સ્ટાફના પો.કો પંકજભાઇ જીવણભાઇ બ.નં ૫૬૪૩ તથા ઉપરોક્ત પોલીસના માણસો તથા વન મોબાઇલના સ્ટાફના માણસો તથા બે પંચો સાથે ઉપરોક્ત ઇક્કો કારની વોચમાં હાજર હતા તે વખતે ઉપરોક્ત વર્ણનવાળી ઇક્કો કાર નં GJ-01-RK-2371 આવતા રોકી લઇ ઇક્કો કારના ચાલક સુરેશભાઇ ભીખાભાઇ પટેલ ઉ.વ ૪૨ રહે જી/૨૦૪ ગણેશ હોમ ચેનપુર રોડ ન્યુ રાણીપ અમદાવાદ તથા ચાલકની બાજુમાં બેસેલ ઇસમ ભાવીનભાઇ રમેશભાઇ સોની ઉ.વ ૩૪ રહે બી/૪/૨૦૪ આર્યવિલા ફ્લેટ આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ અમદાવાદ નાઓ મળી આવતા સદરી બન્ને ઇસમના કબ્જાની ઇક્કો કારની ઝડતી તપાસ કરતા તેમાંથી વગર પાસ પરમીટનો પરપ્રાંતનો ઇંગ્લીશ દારૂ સિગ્નેચર રેર એડ્ઝ વ્હીસ્કી વિદેશી દારૂની બોટલ નંગ ૧૭ કિ.રૂ ૧૩,૬૦૦/- તથા ટુબોર્ગ સ્ટ્રોંગ ૫૦૦ બિયર ટીન નંગ ૮૬ કિ.રૂ ૧૨,૯૦૦/- તથા મોબાઇલ ફોન નંગ ૦૩ કિ.રૂ ૧૫૦૦/- તેમજ ઇક્કો કાર નં GJ-01-RK-2371 કિ.રૂ ૨,૫૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ ૨,૭૮,૦૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતા તપાસ અર્થે કબ્જે લઇ ઉપરોક્ત બન્ને આરોપીઓને કલાક ૧૫/૪૦ વાગે પકડી અટક કરી  અત્રેના પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં ૫૦૫૬/૧૭ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫(એ)ઈ,૮૧ મુજબ કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે આમ, ઘાટલોડીયા પોલીસ સ્ટેશન દ્વારા પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)